# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)

## ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

## જુ.કૃ.યુ., જામનગર- ૩૬૧૦૦૬

તા.૨૪-૦૩-૨૦૨૧ થી તા.૨૮-૦૩-૨૦૨૧

**જામનગર જીલ્લા કૃષિ હવામાન બુલેટીન નં.૨૪(૨૦૨૧) તારીખ: ૨૩-૦૩-૨૦૨૧**

(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન)

## પાછલા અઠવાડીયાનું જામનગર નું હવામાન

| હવામાનપરિબળો | | |
|---|---|---|
| વરસાદ(મી.મી) | | ૦૦.૦ |
| મહતમતાપમાન(સે.ગ્રે) | | ૩૩.-૩૬.૬ |
| લઘુતમતાપમાન(સે.ગ્રે) | | ૨૨.૦-૨૩.૦ |
| ભેજ(%) | સવાર | ૮૪-૯૬ |
| | બપોરબાદ | ૨૫-૩૬ |
| પવનનીગતિ (કિમી/કલાક) | | ૬.૦-૭.૫ |

## હવામાનઆગાહી

### ઉતરસૌરાષ્ટ્રખેતઆબોહવાકીયવિભાગ - જામનગર જીલ્લાની હવામાનઆગાહી

| તારીખ / પેરામીટર | દિવસ-૧<br>૨૪-૦૩-૨૦૨૧ | દિવસ-૨<br>૨૫-૦૩-૨૦૨૧ | દિવસ-૩<br>૨૬-૦૩-૨૦૨૧ | દિવસ-૪<br>૨૭-૦૩-૨૦૨૧ | દિવસ-૫<br>૨૮-૦૩-૨૦૨૧ |
|---|---|---|---|---|---|
| વરસાદ (મી.મી.) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહત્તમતાપમાન(સે.ગ્રે) | ૩૭ | ૩૭ | ૪૦ | ૪૦ | ૪૦ |
| લઘુત્તમતાપમાન(સે.ગ્રે) | ૨૨ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૩ |
| વાદળનીસ્થિતિ | ચોખ્ખુ | ચોખ્ખુ | ચોખ્ખુ | ચોખ્ખુ | ચોખ્ખુ |
| મહત્તમભેજ (%) સવાર | ૫૪ | ૩૦ | ૨૫ | ૩૪ | ૪૬ |
| લઘુત્તમભેજ (%) બપોરબાદ | ૨૭ | ૧૫ | ૧૨ | ૧૫ | ૧૪ |
| પવનનીગતિ (કિમી/કલાક) | ૧૬.૨ | ૧૭ | ૧૮.૫ | ૧૮.૮ | ૧૬.૭ |
| પવનનીદિશા (ડીગ્રી) | વાયવ્ય | ઉત્તર | ઈશાન | ઉત્તર | પશ્ચિમ |

નોંધ: આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઈ પણ એક જગ્યા માટે લાગુ કરવીનહી.

ભારત સરકારશ્રીના હવામાન ખાતા તરફથી મળેલ હવામાન માહિતી અનુસાર અત્રેના ગ્રામીણ કૃષિ મૌસમ સેવા વિભાગ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જામનગર તરફથી જણાવવામાં આવે છે કેઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના

જામનગરજીલ્લામાં આગામી સપ્તાહદરમ્યાન હવામાન સુકું અને આકાશ ચોખ્ખું રહેશે. આગામી સપ્તાહમાં વરસાદ પડવાની સંભાવના નહીવત છે. આ સમય ગાળામાં મહત્તમ તાપમાન દિવસ દરમ્યાન ૩૭-૪૦ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન

૨૨-૨૪ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.સવારના સમયે ભેજનું પ્રમાણ ૨૫-૫૪ % રહેશે તથા બપોરપછીના ભેજનું પ્રમાણ ૧૨-૧૭% રહેવાની શક્યતા છે.પવનની દિશા મોટેભાગે પશ્ચિમ-ઈશાન રહેવાની અને પવનની ઝડપ ૧૬.૨-૧૮.૮ કીમી/કલાક રહેવાની શક્યતા છે.

## સામાન્ય કૃષિ સલાહ

શિયાળું પાકો જેવાકે ઘઉં, ચણા, તુવેર, જીરું, દિવેલા, લસણ અને ડુંગળી જેવા પાકોની દેહધાર્મિક અવસ્થાએ પરિપક્વ થાય ત્યારે કાપણી કરવી.

ચોમાસુ, અર્ધશિયાળુ કે શિયાળુ પાકની કાપણી પછી ઉનાળાના સમયે ચોમાસુ પાકના વાવેતર માટે જમીન તૈયાર કરવા જમીનને ઊંડી ખેડવી, ઢેફા ભાંગવા, જમીન સમતલ કરવી, કરબ ચલાવવી વગેરે ખેત ઓજારોથી જમીનને પોચી, ભરભરી તેમજ ઉલટસુલટ કરવી જેથી જમીનની રચના અથવા બંધારણ સુધરે, નીદંણનો નાશ થાય અને આગલા પાકના અવશેષો જમીનમાં દટાઈને જમીનના સેન્દ્રીય પદાર્થમાં વધારો કરે છે.

ઉનાળુ પાકોને વાવણી પછીના ૪૫ દિવસો સુધી નિંદણમુક્ત રાખવા જેના માટે જરૂર પ્રમાણે બે વખત હાથ નિંદામણ અને ૨ થી ૩ વખત આંતરખેડ કરવી જોઈએ.

પાકના સારા ઉત્પાદન માટે નિયત સમયે પિયત આપવું.

| પાક પ્રમાણે કૃષિ સલાહ | |
|---|---|
| **મુખ્ય પાક** | **કૃષિ સલાહ** |
| ઉનાળુ મગફળી | • **પિયત:** મગફળીની કટોકટીની અવસ્થાઓ જેવી કે ફૂલ ઉઘડવા, જમીનમાં સુયા બેસવા અને ડોડવાનો વિકાસ થવો, આ ત્રણેય અવસ્થાઓએ જમીનમાં ભેજની ખેંચ ન જણાય તે અગત્યનું છે.<br>• **થ્રીપ્સ અને લીલી પોપટી:** મગફળીમાથ્રીપ્સ અનેલીલી પોપટી ના નિયંત્રણ માટે લીંબોળીનું તેલ ૫૦ મીલી અથવા લીંબોળીના મીંજ નુ ૫ ટકા અર્કનુ દ્રાવણ ૫૦૦ મીલીસાથે પ્રોફેનોફોસ ૨૦ મી.લી.અને એસીફેટ ૧૫ ગ્રામ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.<br>• |
| ઉનાળુ તલ | • **પિયત:** પિયત જરૂરિયાત પ્રમાણે જમીનના પ્રકાર મુજબ ૬-૧૦ દિવસના અંતરે જેમકે ફૂલ બેસવા, બૈઢા બંધાવા અને દાણા ભરાવા જેવી કટોકટીની અવસ્થાએ આપવાથી સારું ઉત્પાદન મેળવી શકાય.<br>• **નિંદણ નિયંત્રણ:** પાક અવસ્થાએ બે આંતર ખેડ અને પછીનાં દિવસોમાં જરૂરિયાત મુજબ હાથ નિંદણ નિયંત્રણ કરવું.<br>• **થ્રીપ્સ અને લશ્કરી ઈયળ:** તલના પાકમાં  થ્રીપ્સ અને લશ્કરી ઈયળનાં નિયંત્રણ માટેલીંબોળીનું તેલ૫૦ મીલી અથવા લીંબોળીના મીંજ નુ ૫ ટકા અર્કનુ દ્રાવણ ૫૦૦ મીલીસાથે પ્રોફેનોફોસ ૨૦ મી.લી. ૧૦ લીટર પાણીમાંમિશ્ર કરી છંટકાવ કરવો. |
| ઉનાળુ મગ | • **પિયત:** જમીનની પરત મુજબ પાકની કટોકટીની અવસ્થાએ પિયત આપવું.<br>• **નિંદણ નિયંત્રણ:** પાક અવસ્થાએ બે આંતર ખેડ અને પછીનાં દિવસોમાં જરૂરિયાત મુજબ હાથ નિંદણ નિયંત્રણ કરવું.<br>• **ચુસીયા પ્રકારની જીવાતન:** પાકમાં ચુસીયા પ્રકારની જીવાતના નિયંત્રણ માટે ૧૦ મી.લી. ડાયમીથોયેટ અથવા મીથાઈલ-ઓ-ડમેટોન દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી જરૂરીયાત મજુબ છંટકાવ કરવો. |
| ઉનાળુ અડદ | • **પિયત:** જમીનની પરત મુજબ પાકની કટોકટીની અવસ્થાએ પિયત આપવું.<br>• **નિંદણ નિયંત્રણ:** પાક અવસ્થાએ બે  આંતર ખેડ અને પછીનાં દિવસોમાં જરૂરિયાત મુજબ હાથ નિંદણ નિયંત્રણ કરવું. |
| ઉનાળુ | • **પિયત:**  જમીનની પરત મુજબ પાકની કટોકટીની અવસ્થાએ પિયત આપવું. |

